## જન્મદિને વધામણી




રાજેન્દ્રકુમાર જયંતિલાલ શાહ
મો. ૯૪૨૮૯ ૯૮૧૯૯




રૂદ્રી દેવાંગભાઈ વ્યાસ
મો. ૮૮૬૬૦ ૮૯૯૯૪

## પુસ્તક પ્રાપ્તિ

'ગાંધીનગર સમાચાર' સમાચારને તાજેતરમાં નીચે મુજબનાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે, જેની સાભાર નોંધ લેવામાં આવે છે.




**વ્યક્તિત્વનો વ્યોમવિહાર**
લેખક : હસમુખ પટેલ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ
કિંમત : રૂા. ૧૨૦
આ પુસ્તકમાં વ્યક્તિત્વ વિકાસના પાયાની કેટલીક મહત્ત્વની વાતો સમાવવામાં આવી છે, જેને 'સ્વવિકાસની અનુભવ કથાઓ' એવું નામ અપાયું છે.




**હળવા હાસ્યનો હલકારો, વ્યવંગ વિનોદનો સથવારો**
લેખક, પ્રકાશક : હીરાલાલ વરિયા, ગાંધીનગર
હાસ્ય લેખોનો આ સંગ્રહ લેખક દ્વારા જાતે જ પ્રકાશિત કરવામાં આવ્યો છે અને તે વિનામૂલ્યે વિતરીત કરવામાં આવ્યો છે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### 'હેલ્લો ફાઉન્ડેશન'ના સૌજન્યથી

# ત્રણ સંસ્થાનાં બાળકો-વયસ્કોને મીઠાશ વહેંચાઈ



ઉનાળાની ગરમીમાં કેરી સ્વાદની રાહત અને સ્વાસ્થ્યની ભેટ આપે એમ જાણીને સૌ કેરીને આરોગે છે ને કેટલાક તો એવા પણ છે કે જેઓ ખાસ પસંદગીની કેરી દૂર-સુદૂરથી મંગાવીને પરિવારને ખવડાવે છે. કેરીના રસનું ચલણ પણ આપણે ત્યાં ઉનાળામાં ખૂબ. અલબત્ત, ગાંધીનગર શહેરમાં એવાય સેવાભાવી યુવાનો છે, જે કેરીનો રસ માત્ર ખાતા નથી, પરંતુ ખવડાવવામાંય માને છે. 'હેલ્લો ફાઉન્ડેશન'ના બૅનર તળે સેવાકાર્યો કરતા શહેરના આ યુવાનોએ શુક્રવારે સૅક્ટર-૨૮ ખાતે કાર્યરત સમર્પણ મૂક-બધિર શાળા, માનવ સ્મૃતિ વિશિષ્ટ બાળકોની શાળા તેમજ ક્રિષ્ના વૃધ્ધાશ્રમની મુલાકાત લઈને બાળકો, વયસ્કોને કેરીનો રસ પીવડાવ્યો હતો. ઉપરાંત આ સૌ બાળકો અને વડીલો સાથે હળવાશની પળો ગાળીને આ યુવાનોએ માત્ર મોંની મીઠાશ જ નહીં, મનની મીઠાશ પણ બાળકોને અર્પણ કરી હતી.

# એસ જી સ્કૂલ દ્વારા રમતાં-રમતાં શૈક્ષણિક સત્રનો આરંભ કરાયો



ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ દ્વારા રમતાં-રમતાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે સ્કૂલ દ્વારા 'ગેમ ફોર ચેન્જ' પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧, ૨ના વિદ્યાર્થીઓ માટે 'હીટ ધ ટાર્ગેટ, ફાઈન્ડ ધ બૉલ, ઉડી પઝલ, પાસ ઓન ધ મૅસેજ' અને ધોરણ-૩, ૪ના વિદ્યાર્થીઓ માટે 'સ્ટ્રૉ એન્ડ ગ્લાસ, ટાઈધ રિબન, સ્કિપ કાઉન્ટીંગ, બ્લો ધ બલૂન' જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ આ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રમતાં-રમતાં અભ્યાસનો આરંભ કર્યો હતો.

# શાહપુર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૦

શાહપુર પ્રાથમિક શાળા, ગાંધીનગર ખાતે ગુરુવારે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી જયશ્રીબેન દેવાંગન, નીલમબેન વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, જિલ્લા પંચાયત, ગાંધીનગર, વિસ્તરણ અધઈકારી જયાબેન કાપડિયા, સીઆરસી કો-ઓર્ડિનેટર, ભાજ તેમજ અન્ય ગ્રામ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા રજિસ્ટ્રાર નીલમબેને બાળકોને નિયમિત શાળામાં આવવા માટે અને વધુ અભ્યાસ કરી આગળ વધવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. જિલ્લા વિકાસ અધિકારી જયશ્રીબેને જાતે બાળકોને મધ્યાહ્ન ભોજન પીરસીને નિયમિત જમવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. ત્યારબાદ તેમણે વૃક્ષારોપણ કરી બાળકોનું નામ તેને આપી ઉછેરવા માટે બાળકો પાસેથી બાંહેધરી લીધી હતી.

આ પ્રસંગે ગામના દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. શાહપુરનાં નિવૃત્ત શિક્ષિકા પુષ્પાબેન તથા બબાભાઈ તરફથી ધોરણ-૧થી ૧૦માં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા શાળાના વિદ્યાર્થીઓની ઉત્તરવહી ચકાસવામાં આવી અને બાળકોને વ્યક્તિગત વાચન કરાવી મૂલ્યાંકન કરાવવામાં આવ્યું હતું.

### અપોલો હોસ્પિટલ્સ દ્વારા ડિસ્ટ્રીક્ટ હેલ્થ ડિપાર્ટમેન્ટના સહયોગથી અને ભાટ ગ્રામ પંચાયત સાથે મળીને

# વડાપ્રધાન માતૃત્વ સુરક્ષા અભિયાન હેઠળ ગર્ભવતી સ્ત્રીઓનું ફ્રી હેલ્થ ચેક-અપ



ગાંધીનગર, ૧૦

અપોલો હોસ્પિટલ દ્વારા ડિસ્ટ્રીક્ટ હેલ્થ ડિપાર્ટમેન્ટના સહયોગથી તેમજ ભાટ ગ્રામ પંચાયત સાથે મળીને વડાપ્રધાન માતૃત્વ સુરક્ષા અભિયાન અંતર્ગત ગર્ભવતી સ્ત્રીઓ માટે ફ્રી હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અપોલો હોસ્પિટલ્સ ગ્રુપના ચેરમેન ડૉ. પ્રતાપ સી. રેડ્ડીએ કહ્યું કે, 'એક જવાબદાર હેલ્થકેર પ્રોવાઈડર તરીકે, અપોલો હોસ્પિટલ્સ વડાપ્રધાન માતૃત્વ સુરક્ષા અભિયાન ને સપોર્ટ કરવા રાજ્ય સરકારના માર્ગદર્શન સાથે ૯મી જૂનના રોજ ફ્રી હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પહેલ અંતર્ગત અપોલો હોસ્પિટલ્સ, ગાંધીનગર દ્વારા ભાટ ગ્રામ પંચાયત, ગાંધીનગર ખાતે ગર્ભવતી સ્ત્રીઓ માટે ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો.

કમ્યુનિટી હોલ ભાટ વિલેજ, ભાટ ગ્રામ પંચાયત ખાતે ૧૦થી ૪ દરમ્યાન ફ્રી મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં ભાટ ગામની ૬૦થી વધુ ગર્ભવતિ મહિલાઓ માટે વિનામૂલ્યે સોનોગ્રાફી ટેસ્ટ, બ્લડ સુગર ટેસ્ટ, બ્લડ પ્રેશર, સામાન્ય તપાસ તથા ગાયનેકોલોજીસ્ટ કન્સલ્ટેશન કરવામા આવ્યુ હતુ. અપોલોની ડોક્ટર્સની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી જેમાં સ્ત્રી રોગ નિષ્ણાત, રેડિયોલોજીસ્ટ અને પેરામેડિકલ સ્ટાફનો સમાવેશ થાય છે. અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદના સીઈઓ ડૉ. રાજેશ કામરાને કહ્યું કે, સામાજિક જવાબદારીના ભાગ રૂપે સરકારી પહેલને સપોર્ટ કરવામાં અમદાવાદ હંમેશા મોખરે છે. અમે જિલ્લા આરોગ્ય વિભાગનો આભાર માનીએ છીએ કે તેમણે અમને એવી મહિલાઓની સાવચેતી કરવામાં મદદ કરી જેમને ગર્ભાવસ્થા દરમિયાન તંદુરસ્ત સ્વાસ્થય ની જરૂર હોય છે.

# સંબંધોની ગરિમા અને ગ્રાહકોની શક્તિ તૂટી રહી છે

**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**

જીવનસંઘર્ષ જન્મથી મૃત્યુપર્યંત ચાલતો જ રહે છે. ઈશ્વરે બનાવેલી સજીવોની સૃષ્ટિમાં બધા જ ગુણો, અવગુણો જોવા મળે છે. સ્કૂલના ક્લાસમાં વિદ્યાર્થીઓની ગુમવત્તા જેવી વિવિધતા જગતનાં તમામ ક્ષેત્રમાં દૃષ્ટિગોચર થાય છે. માનવને માનવ તરીકે પેદા થયા પછી માનવ બની રહેવાની તક છે પરંતુ અડચણો એટલી ઊભી થઈ છે કે ઈન્સાનિયતની જગ્યા ધીમે ધીમે ઓછી થઈ ગઈ છે ! માનવીને જે આંતરિક અપેક્ષાઓ પ્રવર્તે છે તેમાં માનવીય હૂંફ અને હેત મુખ્ય છે ત્યાં જ્યારે વિક્ષેપ ઊભો થાય છે ત્યારે ભારે મોટી નુકસાની વેઠવી પડે છે. કમાણી ના હોય તો કોઈ કિંમત નહીં એવી હાલતમાં સૌ પેટના ખાડા પૂરવાથી કંઈક વિશેષ મેળવવા મોટા સાહસ, ઉધામા, દોડ લોકો કરતા જાય છે તેમ-તેમ તેના સંબંધો તંગ થઈ જાય છે !



જીવનરૂપી ઉપવનમાં બધું જ જોવા, જાણવા, અનુભવવા સમયાનુસાર દરેકને મળે તે કુદરતી ક્રમ છે પરંતુ આપણે તે બધા માટે દૃષ્ટિ ધરાવતા નથી અથવા જે જોવા ઈચ્છતા હોઈએ છીએ તે જ જોવાનું ચાલુ રાખીએ છીએ. સંબંધો જીવનની સફરમાં દરેક પળે કામ આવતી મૂડી છે, તેને સંભાળવામાં લોકો કાચા પડી રહ્યા છે. માતાપિતા કે વૃધ્ધોની સારસંભાળ લેવામાં આજની પેઢીને બહુધા દિલચશ્પી નથી કે જેના કારણે તેઓ આજની સુઘડ હાલતમાં જીવી રહ્યા છે !

ગૃહસ્થાશ્રમને ધન્ય ગણવામાં આવ્યો છે કારણ કે તેમાં બીજાના સુખમાં પોતાનું સુખ જોવાનું અભિપ્રેત છે છતાં હકીકત એ છે કે પરિવારના સભ્યો ઘરમાં એકઠા થવા જાણે મજબૂર હોય તે રીતે જીવે છે. કોઈ અજાણ્યા, અભણ કે નિર્દોષ નથી. બધા બધું જ જાણે અને સમજે છે છતાં સમયની બલિહારી જુઓ કે કોઈ-કોઈને વફાદાર રહ્યું નથી; પછી તે ઘર હોય, કચેરી હોય કે આશ્રમ હોય કે રાજકારણનું ક્ષેત્ર હોય ! સંબંધોની ગરિમા જાળવવામાં સમાજ નિષ્ફળ ગયો છે તેમાં આર્થિક કારણ મુખ્ય દેખાય છે. ઉપરાંત અનિયંત્રિત સ્વાર્થની ભાવના પણ જોવા મળે છે. લોકો મંદિરે કે આશ્રમે ફરવા-હરવા મોજ કરવા જાય ત્યારે મંદિરની મહત્તા ઘટતી નથી પરંતુ લોકોની માનસિકતા હલકી જરૂર થાય છે. પોતે સુધરવાનું છે કે બગડવાનું છે એ તો અંતે વ્યક્તિએ પોતે જ નક્કી કરવાનું હોય છે. લાગે છે કે હવે પૃથ્વી ઉપર એક છેડે સ્ત્રી અને બીજા છેડે પુરુષ જ વસી રહ્યા છે. આ હાલત અતિ ભયાનક છે ! સ્ત્રીદાક્ષિણ્ય નામની ચીજ પ્રતિદિન લુપ્ત થતી જાય છે, જે વિવિધ ઉજવણીઓથી નહીં સુધરે તે યાદ રાખવું પડશે.

બીજી તરફ બજારમાં ગ્રાહકો માટેની દોડમાં લોકો અતિ પરેશાન થઈ રહ્યા છે. બધાને માટે બજાર અને વધુ કમાણી અગ્રસ્થાને છે, બધાને પ્રથમ નંબર જ જોઈએ છે એટલે ગ્રાહક દિવસ, ગ્રાહક મિટીંગ, ગ્રાહક જાગૃતિ, ગ્રાહક સેવા કેન્દ્ર, ગ્રાહક તકરાર નિવારણ વ્યવસ્થા અને વિવિધ નુસખાઓથી સાચો ગ્રાહક ત્રસ્ત થઈ ગયો છે અને તેની પાસે હવે નાણાંકીય ક્ષમતાના નામે શૂન્યતા છે !

આપણી બજાર વ્યવસ્થામાં ગ્રાહકને રાજા ગણીને અતિ મહત્ત્વ દેખાડવામાં આવે છે પરંતુ વાસ્તવમાં ગ્રાહકની કોઈ ચિંતા કરતું નથી. ચિંતા કમાણીના ટાર્ગેટની જ થતી રહે છે. હલકી વસ્તુ દઈ દેવી, ગમે તે ભાવ વસૂલવા, ગ્રાહકના અસંતોષ માટે બેફિકર રહેવું, કાનૂનને નજરઅંદાજ કરવો, અસત્યનો સાથ લેવો, ખોટી પ્રસ્તુતિ કરવી - આ બધામાં સમાજ લૂંટાઈ રહ્યો છે. કોઈને કોઈનો ભય રહ્યો નથી કારણ કે નાણાંના જોરે બધું સૅટ થઈ શકે છે. જરા વિચારો કે આપણે કયા સમાજની રચના કરી રહ્યા છીએ? ઉપભોક્તાના સંતોષની ઉમદા વાતોના તળિયે સ્વાર્થના કીડા જોવા મળે ત્યારે બધા જ કાનૂન અર્થહિન થઈ જાય છે! આપણી સાચી જાગૃતિ વિના સુખ ઉગવું શક્ય નથી.

'સો ગયે ગરીબ કે બચ્ચે યહ સૂનકર, કિ ખ્વાબ મેં ફરિશ્તે આતે હૈં રોટિયાં લેકર...'

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હાઉસફૂલ ૩
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
ટીન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
વૉરક્રાફ્ટ (૩ડી અંગ્રેજી)
૨.૩૦, ૭.૩૦
વૉરક્રાફ્ટ (૩ડી હિન્દી)
૫.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
હાઉસફૂલ-૩
૧૦.૦૦
દો લફ્ઝોં કી કહાની
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

# ૧૬મી જૂને સાહિત્ય પરિષદ ખાત કાન્તની સ્મૃતિમાં ભાવાંજલિરૂપ વ્યાખ્યાનો



ગાંધીનગર, તા. ૧૦

ઓમ કોમ્યુનિકેશન દ્વારા આગામી તા. ૧૬ જૂન ને ગુરુવારના રોજ સાંજે ૬ કલાકે ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે કવિ, નાટ્યકાર મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'ની ૯૪મી પુણ્યતિથિ નિમિત્તે 'ભાવાંજલિરૂપ વ્યાખ્યાનો'નું આયોજન કરવામાં આવ્યું છે.

'કાન્ત'નાં કાવ્યો વિષે કવિ, સાહિત્યકાર ચંદ્રકાન્ત શેઠ અને 'કાન્ત'નાં નાટકો વિશે નાટ્યકાર સતિશ વ્યાસ વક્તવ્ય આપશે.

ઓમ કોમ્યુનિકેશનના મેનેજિંગ ટ્રસ્ટી, કવિ મનિષ પાઠક 'શ્વેત' જણાવે છે કે છેલ્લાં બે વર્ષથી દર મહિને સાહિત્યકાર, કવિના જન્મદિન, પુણ્યતિથિએ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવે છે. આજની પેઢી અને તેમાંય ખાસ યુવા પેઢીની આપણા સાહિત્યકારોના સર્જન પર વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી નિયમિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

'કાન્ત'ની સર્જનયાત્રાને માણવા માટે સંસ્થા તરફથી તેમણે સૌ ભાવકોને આમંત્રણ પાઠવ્યું છે.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**'મારા પ્રેમાળ પાડોશી'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે